# આ ભવનાં સાગરમાં

(રાગ: તું પ્યારકા સાગર હૈ)

આ ભવનાં સાગરમાં (2), સહારો એક જ મારો તું (2)

મઝધાર નાં ખેવૈયા (2), હવે તો એક કિનારો તું (2)

આ ભવનાં સાગરમાં (2)

મૃગજળ ને મેં સરોવર માન્યું,

બુઝી ન મનની આગ (૨)

અન્ય તણી ઉપાસના કીધી,

ના પૂજ્યા વીતરાગ (2)

આવ્યો તુજ ચરણોમાં, (2) હવે તો તારણહરો તું

આ ભવના સાગર માં (૨)

મુક્તિ માર્ગનો હું અભિલાષી,

ના કોઈનો સંગાથ (2)

આકુળ વ્યાકુળ મનડું મારું(2),

વાંછે તારો સાથ,

અંધકારભર્યા પંથે, (2)

પ્રવાસીનો સથવારો તૂં(2)

આ ભવના સાગર માં (૨)

તું નિર્મોહી સદગુણ સાગર,

હું અવગુણ ભંડાર (૨)

કર્મનાં બંધન દૂર કર્યા તેં,

હું રાચ્યો સંસાર (૨)

અંધારા મુજ દિલ માં (૨) ચમકતો તેજ સિતારો તું

આ ભવના સાગર માં (૨), સહારો એક જ મારો તું (2)

મઝધાર નાં ખેવૈયા (2), હવે તો એક કિનારો તું (2)

આ ભવનાં સાગરમાં (3)

February 18, 2016 - https://www.youtube.com/watch?v=go_pEu9v29k